**GUJARAT STATE ELECTRICITY CORPORATION LIMITED**
VidyutBhavan, Race Course, Vadodara,– 390007, India. Ph. 91-265-6612003, Fax: 91-265-2344537
e-mail: gmf.gsecl@gebmail.com Website: www.gsecl.in
CIN: U40100GJ1993SGC019988

**ગુજરાત વિદ્યુત નિયમન આયોગ** – છઠ્ઠો માળ, ગીફ્ટ વન, ૫–સી રોડ, ઝોન–૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર–૩૮૨૩૫૫.

**ની સમક્ષ**

**અરજદારઃ–** **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ – વડોદરા.**

નીચેના સંદર્ભમાં

ઉપરોક્ત અરજદાર **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ, વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા** દ્વારા નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ ના ટ્રુ અપ માટે, અને નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ ના વીજદર નિર્ધારીત કરવા બાબતેની ટેરીફ પીટીશન કેસ નંબર **૧૮૩૬/૨૦૧૯** દ્વારા, વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૬૨ તથા મલ્ટી ઈયર ટેરીફ રેગ્યુલેશન ૨૦૧૬ ની જોગવાઈ હેઠળ કરાયેલ છે.

સૂચના

ઉપરોક્ત અરજદાર **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ, વડોદરા** એ નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ ના ટ્રુ અપ માટે, અને નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ના વીજદર નિર્ધારીત કરવા બાબતેની ટેરીફ પીટીશન કેસ નંબર **૧૮૩૬/૨૦૧૯** દ્વારા, વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૬૨ તથા મલ્ટી ઈયર ટેરીફ રેગ્યુલેશન ૨૦૧૬ ની જોગવાઈ હેઠળ કરેલી અરજી નામદાર આયોગની વિચારણા હેઠળ છે.

ઉપરોક્ત બાબતે "મલ્ટી ઈયર ટેરીફ રેગ્યુલેશન ૨૦૧૬" ની જોગવાઈની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી સદર અરજી પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયમન આયોગની કચેરીમાં ઉપર મુજબનાં સરનામે સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયમન આયોગને તારીખ **૦૮/૦૧/૨૦૨૦** સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.સુચનો/વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે તથા આ બાબતની અરજીની પાંચ નકલો પ્રમાણીત મુસદ્દા પ્રમાણે સોગંદનામું કરીને પુરી પાડવાની રહેશે. જેની એક નકલ નીચેના સરનામે પહોંચતી કરવાની રહેશે.

રસ ધરાવનાર વ્યકિતઓને સદર અરજીની નકલ જનરલ મેનેજર (નાણાં અને હિસાબ), ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા પાસે નિરિક્ષણ માટે મળી શકશે.

સદર અરજીની નકલો **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ, વડોદરા** ની વડી કચેરીમાંથી જનરલ મેનેજર (નાણાં અને હિસાબ) પાસેથી જરૂરી રકમ ભરપાઈ કરવાથી મળી શકશે. સંબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત રૂા. ૨૫૦/- (રૂા. બસો પચાસ પૂરા) પ્રતિ નકલ નક્કી કરવામાં આવી છે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા. ૫૦/– (રૂા. પચાસ પૂરા) વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ,** ના નામે મોકલવાના રહેશે.

ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબ સાઈટ www.gsecl.in ઉપરથી પણ મેળવી શકાશે.

વતી, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ

**(આર.એમ.ભડંગ)** 7/12
જનરલ મેનેજર (નાણાં અને હિસાબ) ,
ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ
વિદ્યુત ભવન, રેસકોર્ષ,
વડોદરા.